GJDH030021682025

રજુ તારીખ :૨૨/૦૫/૨૦૨૫
દાખલ તારીખ :૨૨/૦૫/૨૦૨૫
જજમેન્ટ તારીખ:૧૪/૦૮/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૧– ૦૨– ૨૩

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ. ચુકાદાની તારીખ – **૧૪/૦૮/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર: ૧૯૧૯/૨૦૨૫
આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પીપલોદ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪. |
| તોહમતનામાં મુજબ તોહમત | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | જયવિન્દ્રકુમાર જુવાનસીંહ બારીઆ, રહે.– વંદેલી (ધામણી), ચાંદરણી ફળિયા, તાલુકો |

| | |
|---|---|
| | – મોરવા (હ), જિલ્લો – પંચમહાલ. |
| આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી | વી. બી. પટેલ |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૭/૦૧/૨૦૨૫. |
| ફરિયાદની તારીખ | ૧૫/૦૧/૨૦૨૫. |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૫/૨૦૨૫. |
| તહોમત ફરમાવ્યા/પ્લીની તારીખ | ૦૭/૧૦/૨૦૨૫. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૭/૧૦/૨૦૨૫. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | તારીકે રહેલા છે. |
| ૧. | જયવિન્દ્ર કુમાર જુવાનસીંહ બારીઆ. | ૨૨/૦૨/૨૦૨૫ | ૨૨/૦૨/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪. | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો. | - | - |

## FORM-C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી - મુકેશભાઇ રૂપાભાઇ બારીઆની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદ - રાજેશભાઇ કલસીંગભાઇ પટેલની જુબાની | ૦૮ |
| ૩ | સાહેદ - પર્વતભાઇ વાઘાભાઇ પટેલની જુબાની | ૧૧ |
| ૪ | સાહેદ - શાંતાબેન પર્વતભાઇ પટેલની જુબાની | ૧૨ |
| ૫ | ત.ક.અ. - દિપ્તીનભાઇ મુળજીભાઇ શ્રીગોડની જુબાની | ૨૦ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| | વિગત | આંક |
|---|---|---|

| અ.નં. | | |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૩ | ઈજા પામનાર સાહેદ શાંતાબેનનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૩ |
| ૪ | ઈજા પામનાર સાહેદ પર્વતભાઈનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૪ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–:જજમેન્ટ :–**

(૦૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગે મોજે તોયણી ગામે મેડી ફળીયામાં સ્ટેટ હાઇ

વે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાયકલ નં. જી.જે.–૧૭–બીએલ–૫૫૮૯ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ પર્વતભાઇ વાઘાભાઇ પટેલ તથા શાંતાબેન પર્વતભાઇ પટેલનાઓને પાછળથી ટકકર મારી નીચે પાડી દઈ સાહેદ પર્વતભાઇને જમણા પગે પંજાના ભાગે ફેકચર કરી તથા પીઠના ભાગે ઈજા કરી તથા સાહેદ શાંતાબેનને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ સાથે નહી રાખી ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ પપીલોદ પોલીસ સ્ટેશનમાં આપતા, પીપલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.એ પીપલોદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૪૮/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબના શિક્ષાનેપાત્ર ઉપરોક્ત ગુનાના આંક–૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૦૨) સદર કામે પોલીસ અહેવાલ રજુ થતા, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતા, આરોપી હાજર થતા, કલમ–૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ, આરોપીની સામે તહોમતનામુ ફરમાવી વાંચી, સંભળાવતા ગુના અંગે પ્લી નોંધવામાં આવતા ગુનાનો ઈન્કાર કરતા, ત્યારબાદ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૦૩) ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કમલ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ ઉપર પુરાવા આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૦૪) ત્યારબાદ વિ. વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા આરોપીને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે. બચાવ

પક્ષ તરફે વિ. વકીલશ્રીએ ખુબજ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૦૫) સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// **મુદ્દાઓ** //

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના કલાક ૧૨:૩૦ વાગે મોજે તોયણી ગામે મેડી ફળીયામાં સ્ટેટ હાઈ વે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાયકલ નં. જી.જે.–૧૭–બીએલ–૫૫૮૯ ને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ પર્વતભાઈ વાઘાભાઈ પટેલ તથા શાંતાબેન પર્વતભાઈ પટેલનાઓને પાછળથી ટકકર મારી નીચે પાડી દઈ સાહેદ પર્વતભાઈને જમણા પગે પંજાના ભાગે ફેકચર કરી તથા પીઠના ભાગે ઈજા કરી તથા સાહેદ શાંતાબેનને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ ડ્રાઈવીંગ લાયસન્સ સાથે નહી રાખી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૦૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

// **નિર્ણય માટેના કારણો** //

(૦૭) મુદ્દા નં. ૧ અને ૨ પરસ્પર સંકળાયેલ હોય તેની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે. આ કામે વર્તમાન આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી

ન્યાયશાસ્ત્રના મુળભુત સિદ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. આ કામે આરોપી સામે જ્યારે બેફીકરાઈથી વાહન ચલાવી અકસ્માત કરવાનો અને ઈજા કરવાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદ પક્ષે તે સાબિત કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવી રહ્યા હતા અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યું અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતું કે જેથી આરોપીને સદરહું અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે કસુરવાન ઠરાવી શકાય. આ કામે આરોપી સામે જ્યારે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબના ગુનાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ ઉપરથી નિઃશંકપણે સાબિત કરવાના રહે છે.

## // ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન //

(૦૮) આ કામના આરોપી સામેનું તહોમત જોવામાં આવે તો ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષ તરફે રજુ કરેલા પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૮૧ વંચાણે લેતા તેમાં જોગવાઈ કરેલ છે કે, " કોઈપણ વ્યક્તિ, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપુર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયાનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે. " આ કલમ વાહન હંકારવા વિશે તથા સવારી કરવા અંગે છે. પ્રથમ બાધ જાહેર સ્થળ છે. કોઈ ખાનગી સ્થળ હોય ત્યારે આ કલમ લાગુ પડશે નહીં. આ કલમ માટે એ આવશ્યક નથી કે ઈજા થવી જ જોઈએ માત્ર ભય ઉભો થાય તો પણ આ કલમ હેઠળ તેવું કૃત્ય ગુનો ગણાય. બેફામપણે અથવા

બેદરકારીપુર્વક એ બંને શબ્દોની વ્યાખ્યા ભારતીય દંડ સહીતાની કલમમાં કરવામાં આવી નથી. બેફામપણે અથવા બેદરકારીપુર્વક બંને શબ્દોમાં મળતાપણું છે છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. બેદરકારીપુર્વક એટલે કે એક સામાન્ય વ્યક્તિ પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યક્તિ ચુકી જાય તે કૃત્ય બેદરકારીપુર્ણ ગણાય જ્યારે બેફામપણે એટલે કે જ્યારે એક સામાન્ય વ્યક્તિ પાસે વર્તન જેની અપેક્ષા રાખવામાં આવે છે તેવી વિશેષ વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. **નામ. સુપ્રિમ કોર્ટ Ravi kapoor v/s State of Rajsthan AIR 2012 SC 2986** ના ચુકાદામાં " બેદરકારી " ની વ્યાખ્યા કરેલી છે, જે ચુકાદાના પેરા – ૧૧ માં નીચે મુજબનું અવલોકન કરેલ છે. ***'Negligence'*** *means omission to do something which a reasonable and prudent person guided by the considerations which ordinarily regulate human affairs would do or doing something which a prudent and reasonable person guided by similar considerations would not do. Negligence is not an absolute term but is a relative one; it is rather a comparative term. It is difficult to state with precision any mathematically exact formula by which negligence or lack of it can be infallibly measured in a given case. Whether there exists negligence per se or the course of conduct amounts to negligence will normally depend upon the attending and surrounding facts and circumstances which have to be taken into consideration by the Court. In a given case, even not doing what one was ought to do can constitute negligence.*

વધુમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે **" બદ્રીપ્રસાદ તિવારી વિરૂદ્ધ સ્ટેટ " ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, પેજ નં. ૩૮૯** માં એમ ઠરાવેલ છે કે, *(A) Penal*

*Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving – Offence under – Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient – Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.*

વધુમાં સદર ચુકાદાના પેરા – ૫ માં એમ ઠરાવેલ છે કે, *Section* ***279, IPC*** *deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :(i)Rash and negligent driving or riding on a public way.(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.*

(૦૯) આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક – ૦૬ થી આ કામના ફરિયાદી મુકેશભાઇ રૂપાભાઇ બારીઆને તપાસવામાં આવેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના રોજ સવારના આંઠ વાગ્યાના સમયે પીપલોદ મારી દુકાન ઉપર જતો હતો અને હુ મારી દુકાન ઉપર હાજર હતો તે સમયે મારી પત્નીનો મારા ઉપર ફોન આવેલ કે કુટુંબી કાકા પર્વતભાઈ વાઘાભાઈ પટેલ તથા કાકી શાતાબેન પર્વતભાઈ પટેલનાઓ સાલીયાથી તોયણી ગામે ચાલતા ચાલતા જતા હતા તે વખતે તોયણી ગામે મેડી ફળીયામાં એકસીડન્ટ થયેલ છે તે વાત કરતા હુ બનાવવાળી જગ્યાએ ગયેલો અને ત્યાં જઈને જોયુ તો મારા કાકા પર્વતભાઈ અને કાકી શાંતાબેનનુ એકસીડન્ટ થયેલ હતુ. મારા કાકા પર્વતભાઈને જમણા પગે ઈજાઓ થયેલી અને શાંતાબેનને માથાના ભાગે તથા કપાળમાં ઈજાઓ થયેલી. અસ્કમાત કરનાર વાહન મો.સા.નો નંબર મે જોયેલ તો તે જી.જે.–૧૭.–બી.એસ.– ૫૫૮૯ નો હતો. તે સ્પ્લેન્ડર ગાડી હતી. મારા કાકા પર્વતભાઈ તથા શાંતાકાકીને ઈજા થયેલ હોય તેઓને પીપલોદ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી દાહોદ સરકારી હૉસ્પીટલમાં દાખલ કરેલા. બનાવ સમયે અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેને ઓળખી શકુ નહી. બનાવ અંગેની મે ફરીયાદ આપેલી. તેમાં મારી સહી છે. આરોપી કોર્ટમાં હાજર હોય તો હુ ઓળખી શકુ નહી.

સદર ફરિયાદી તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી સમયે હું મારી દુકાને હતો જેથી બનાવની મને જાતમાહિતી નથી મને બનાવની જાણફોન દ્વારા થયેલી

(૧૦) આ સિવાય ફરિયાદ પક્ષે પંચસાહેદ રાજેશભાઇ કલસીંગભાઇ પટેલને આંક – ૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે આજથી આશરે દસેક મહીના પહેલા હુ પીપલોદ બજારમાં હતો તે સમયે એક પોલીસના માણસે મને તોયણી ગામે બાપા સીતારામ મંદિરની આગળ રોડ ઉપર બોલાવેલ અને પોલીસે સદર પંચનામુ બપોરે એક વાગે શરૂ કરેલુ અને બે વાગે પુરૂ કરેલ. બનાવવાળી જગ્યાની પુર્વ બાજુ મકાનો આવેલા છે અને પશ્ચિમ બાજુ પણ મકાનો આવેલા અને ઉતર બાજુ મકાન તથા મંદિર આવેલ છે અને દક્ષિણ બાજુએ સીંગવડ જવાનો પાકો રસ્તો આવેલ છે. મારી સાથે બીજા પંચ તરીકે સુરેશભાઈ રતનસિંહ કોળી, રહે. સાલીયાનાઓ હતા. તે સિવાય

અમારી સાથે બીજુ કોઇ ન હતુ. આજરોજ મને પંચનામુ બતાવાવમાં આવે છે તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જે હુ ઓળખુ છુ. જે પંચનામાને રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવે છે.

સદર પંચસાહેદ તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, અમો કઇ તારીકે પંચનામુ કરવા ગયેલા તે મને યાદ નથી. અમો બપોરે એક વાગે પંચનામુ કરવા ગયેલા. એ વાત ખરી છે કે પંચનામુ પહેલાથી લખીને તૈયાર હતુ અને મને સહિ કરવાનું કહેતાં મે તેમાં મારી સહિ કરી આપેલી.

(૧૧) આ સિવાય ફરિયાદ પક્ષે સાહેદ પર્વતભાઇ વાઘાભાઇ પટેલને આંક –૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે આજથી આશરે એકાદ વર્ષ અગાઉ તોયણી ગામે બનાવ બનેલો. બનાવ સમયે હુ અને મારી પત્ની બંને જણા મારી છોકરી ચંપાબેનના ઘરે ચાલીને જતાં હતા તે વખતે તોયણી ગામે રોડ ઉપર પહોચતા એક મો.સા. ના ચાલકે અમોને ટકકર મારેલી. જેથી મને જમણા પગે તથા કમરના ભાગે તથા મારી પત્ની શાંતાબેનને માથાના ભાગે ઈજાઓ થયેલી અને અમોને ઈજા થતાં અમોને ૧૦૮ ધ્વારા દાહોદ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં દસેક દિવસ સારવાર કરાવેલી. મારા પગનુ ઓપરેશન કરવામાં આવેલ. બનાવની ફરિયાદ મારા ભત્રીજાએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલ નથી.

સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ તોયણી ગામે બનેલો. એ વાત ખરી છે કે અકસ્માત બનતાં હું બેભાન થઇ ગયેલો. એ વાત ખરી છે કે મે વળતર મેળવવા માટે કેસ કરેલ છે. એ વાત ખરી છે કે મારી સાથે અકસ્માત કરનાર મોટર સાયકલના ચાલકને હું ઓળખી શકુ નહી અને તેનો નંબર શું હતો તેની મને ખબર નથી.

(૧૨) આ સિવાય ફરિયાદ પક્ષે સાહેદ શાંતાબેન પર્વતભાઇ પટેલને આંક – ૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે આજથી આશરે એકાદ વર્ષ અગાઉ તોયણી ગામે બનાવ બનેલો. બનાવ સમયે હુ અને મારા પતિ બંને જણા મારી છોકરી ચંપાબેનના ઘરે ચાલીને જતા હતા તે વખતે તોયણી ગામે રોડ ઉપર પહોચતા એક મો.સા.ના ચાલકે અમોને ટકકર મારેલી. જેથી મારા પતિને જમણા પગે તથા કમરના ભાગે તથા મને માથાના ભાગે તથા મોઢાના ભાગે ઈજાઓ થયેલી. અમોને

ઈજા થતાં અમોને ૧૦૮ ધ્વારા દાહોદ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં દસેક દિવસ સારવાર કરાવેલી. મારા પતિને પગનુ ઓપરેશન કરવામાં આવેલુ. મારા માથાના ભાગે ટાંકા લેવામાં આવેલા. બનાવની ફરિયાદ મારા ભત્રીજાએ આપેલી. પોલીસે મારો જવાબ લીધેલ

સદર સાહેદ તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ તોયણી ગામે બનેલો. એ વાત ખરી છે કે અકસ્માત બનતાં હું બેભાન થઇ ગયેલો. એ વાતની મને ખબર નથી કે મે વળતર મેળવવા માટે કેસ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે મારી સાથે અકસ્માત કરનાર મોટર સાયકલના ચાલકને હું ઓળખી શકુ નહી અને તેનો નંબર શું હતો તેની મને ખબર નથી.

(૧૩) આ સિવાય ફરિયાદ પક્ષે ત.ક.અ. દિપ્તીનભાઇ મુળજીભાઇ શ્રીગોડને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ હુ પીપલોદ પો.સ્ટે. હે.કો. તરીકે મારી ફરજ બજાવતો હતો ત્યારે ફરિયાદી નામે મુકેશભાઈ રૂપાભાઈ બારીઆનાઓએ પીપલોદ પો.સ્ટે. માં ગુ. રજી. નં. ૪૮/૨૦૨૫, બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની ફરિયાદ રજી. કરાવેલ. તે તપાસ અમોની તરફ આવતા અમોએ સંભાળી લીધેલી અને આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ અને ત્યારબાદ ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલા અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લખાવ્યા પ્રમાણે લખી લીધેલા. ત્યારબાદ આ કામે આરોપીને અટક કરેલ અને જામીન ઉપર મુકત કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો જણાઈ આવતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ. જે આજરોજ કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ.

સદર ત.ક.અ તેઓની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે મે ફરિયાદીની ફરિયાદનો અભ્યાસ કરેલ. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ હાઇ વે રોડ આવેલ છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની નજીક બાપા સીતારામનું મંદિર આવેલ છે. એ વાત ખરી છે કે ફરિયાદમાં આરોપીનું નામ કે વર્ણન બતાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે ફરિયાદીના સગા

સંબંધી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદી સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરિયાદને અનુરૂપ સાહેદોના નિવેદન લખી લીધેલા. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ નાના નાના ખાડાઓ આવેલા છે. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.

(૧૪) આમ, આ કામે ઉપરોક્ત કરેલ કાયદાની પરિસ્થિતિ તેમજ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો સદર કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો પૈકી ફરિયાદી મુકેશભાઇ રૂપાભાઇ બારીઆનાઓ તેમની સરતપાસમાં બનાવવાળા દિવસે ઈજા પામનાર સાહેદ પર્વતભાઈ તથા શાંતાબેન ચાલતાં જતાં હતાં તે સમયે આ કામના આરોપીએ પોતાની મોટર સાયકલ વડે ઈજા પામનાર સાહેદોને ટકકર મારી નીચે પાડી દઈ અકસ્માત કરી સાહેદ પર્વતભાઈને જમણા પગે પંજાના ભાગે ફ્રેકચર કરી તથા પીઠના ભાગે ઈજા કરી તથા સાહેદ શાંતાબેનને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચાડેલ હોવાની હકિકત અને સાહેદોને થયેલ ઈજા અંગે તેમણે સારવાર લીધેલ હોવાની હકિકત જણાવે છે. તેમજ અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવે છે પરંતુ તેનો ચાલક કોણ હતો તે અંગે કોઈ હકિકત જણાવતાં નથી. તેમજ સદર ફરિયાદીએ કહેવાતો બનાવ નજરે જોયેલ નથી અને બનાવ સમયે તેઓ તેમની દુકાને હતાં તેવું જણાવે છે. જયારે સદર કામે આંક–૦૮ થી તપાસેલ પંચસાહેદ રાજેશભાઈ કલસીંગભાઈ પટેલનાઓએ પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ છે. જયારે સદર પંચસાહેદે તેઓની ઉલટ તપાસમાં એ હકિકત કબુલ રાખેલ છે કે પંચનામુ પહેલાથી લખીને તૈયાર હતુ અને તેઓને સહિ કરવાનું કહેતાં તેઓએ તેમાં સહિ કરી આપેલી. જયારે સદર કામે આંક–૧૧ થી ઈજા પામનાર સાહેદ પર્વતભાઈનાઓને તથા આંક–૧૨ થી ઈજા પામનાર સાહેદ શાંતાબેનનાઓને તપાસેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં તેઓ ચાલતાં તોયણી ગામે જતાં હતાં ત્યારે આ કામના આરોપીએ તેની મોટર સાયકલ વડે તેઓનો અકસ્માત કરતાં તેઓને ઈજાઓ થયેલ હોવાની હકિકત અને તેની તેઓએ સારવાર લીધેલ હોવાની હકિકત જણાવે છે. પરંતુ બંને સાહેદો અકસ્માત કરનાર વાહનનો નંબર કે તેના ચાલક વિષે કોઈ હકિકત જણાવતાં નથી. તેમજ સદર કામે આંક–૨૦ થી ત.ક.અ. દીપીનભાઈ મુળજીભાઈ શ્રીગોડનાઓને તપાસેલ છે. જેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે.

જયારે સદર સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે બનાવવાળી જગ્યાએ હાઈ વે રોડ આવેલ છે અને ત્યાં વાહનોની સતત અવર જવર રહે છે અને નજીકમાં બાપા સીતારામનું મંદિર આવેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે ફરિયાદમાં આરોપીનું નામ કે વર્ણન બતાવેલ નથી અને સદર કામે ફરિયાદીના સગા સંબંધી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી અને ફરિયાદી સમક્ષ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૫) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે પંચસાહેદોને તપાસેલ છે જેઓએ પંચનામાને સમર્થનકારરી પુરાવો આપેલ છે. આમ, જો પંચનામાની હકીકત સાબિત થતી હોવાનું માનવામાં આવે તો પણ તેનાથી માત્ર ગુનાવાળી જગ્યાની હકીકત સાબિત થતી હોવાનું માની શકાય, તેમજ તેના આધારે આ કામના આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૧૬) વધુમાં ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ એવા ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદના સમર્થનકારી પુરાવાને અભાવે આ કામના આરોપીને સદર ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઈજા પામનાર સાહેદોની જુબાની બાબતે **Bhajan Singh @ Harbhajan Singh Versus State Of Haryana.** *2011 (0) AIR(SC)2552. The Hon'ble Supreme Court Of India Held that,*

*21. The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his*

*testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone. Convincing evidence is required to discredit an injured witness. Thus the evidence of an injured witness should be relied upon* ***unless there are grounds for the rejection of his evidence on the basis of major contradiction and discrepancies therein."***

આમ, આ કામે હાલના ફરિયાદી અને સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામને હાલના આરોપી દ્વારા તેમના કબજા હવાલાના વાહનને પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, અકસ્માત કરી, સાહેદોને ટક્કર મારી સાહેદોને ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવેલ છે કે કેમ? તે બાબતે કોઈ નક્કર હકીકત ફલીત થતી નથી.

(૧૭) આ કામે આંક – ૧૩ થી આંક–૧૪ સુધી સાહેદના ઈજા અંગેના મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે, પરંતુ સદર મેડીકલ સર્ટીફીકેટ આધારે સાહેદને ફ્રેક્ચર સહીતની ઈજાઓ થયેલ હોવાનું જણાઈ આવે છે, પરંતુ તેના આધારે સદર કામના આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી અને તેથી તે ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેમ નથી.

(૧૮) વધુમાં આ કામે નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. ગુજરાત હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે.

**(1) R/CRIMINAL APPEAL NO. 338 of 2010**

**BHARATSINH SOMABHAI BAMAN**

**Versus**

**STATE OF GUJARAT**

**Date :** 04/09/2023

[7.1] Upon perusal of the complaint and the evidence of the complainant, Nasirkhan Pathan (PW-4) and Investigating Officer Kamabhai Amratbhai, no one has deposed or uttered a whisper about rash and negligent driving of the accused. **Merely the complainant has stated in the complaint and deposed that the applicant-accused was driving the S.T. Bus in full speed but the speed of the vehicle would not amount to rashness or negligence. In the offence under Section 304-A or 279 of the IPC, prosecution must have to prove that the accused was driving the vehicle in rash and negligent manner.** Admittedly, the prosecution witnesses have not stated anywhere in the evidence that the offending vehicle was driven by the accused in rash and negligent manner. Learned trial Court as well as the learned appellate Court have also relied on the doctrine of res ipsa loquitur but it is needless to say that even in the panchnama of scene of offence, no any detail is stated. The width of the road is 22 feet and is a one way road. Both the vehicles were proceeding in the same direction. It is admitted fact that the defence has not put any effort to prove any contributory negligence on the part of deceased however, **in a criminal trial prosecution has to stand on its own leg, prosecution cannot take advantage of weakness of defence.** Both the Courts below have relied on the doctrine of res ipsa loquitur but in absence of any material on the record, no presumption of rashness

or negligence could be drawn by invoking the maxim or doctrine of res ipsa loquitur. **In the case of State of Karnataka vs. Satish reported in (1998) 8 SCC 493, the Hon'ble Supreme Court has been pleased to hold that there was no any evidence on record to establish rash and negligent driving of the vehicle on the part of the accused, no presumption can be drawn and it is for the prosecution to prove and establish rashness or negligence on the part of the accused before conviction under Section 304-A or 279 of the IPC.**

**(2) R/CRIMINAL APPEAL NO. 1360 of 2011**

**DALAPATBHAI RAMESHBHAI VASAVA**
**Versus**
**STATE OF GUJARAT**
**Date : 22/06/2020**

**27.** On appreciating the oral evidence of the injured witnesses, it is clearly found that every witness has emphasized on the fact that tempo was being driven at a high speed and due to that driver has lost control over tempo near the place of occurrence.At this juncture, it is worthwhile to refer to the decision of Honourable Apex Court in the case of **Mrs.Shakila Khader And Ors. vs Nausheer Cama And Ors. Reported in AIR 1975 SC 1324, 1975(4) SCC 122,** wherein it was observed that **main criteria for deciding whether driving which relate to accident was rash and negligent is not only the speed but the width of the road, density of the traffic etc.** Further in the case of **State of Karnataka v. Satish (supra),the Honourable**

**Supreme Court has held that merelybecause truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. "High Speed" is a relative term and criminality is not to be presumed subject of course to some statutory exceptions. In absence of any material on record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "ras ipsa locutar".**

આમ, આ કામની હકીકત જોવામાં આવે તો આ કામના ફરિયાદી તેમની ફરિયાદમાં તથા તપાસેલ સાહેદો કોર્ટ સમક્ષની જુબાનીમાં એ વાત કબુલ કરે છે કે, બનાવના દિવસે મોટર સાયકલના ચાલકે સાહેદ પર્વતભાઇ તથા શાંતાબેનને ટક્કર મારેલ હોવાનું અને તેમાં સાહેદોને ઈજાઓ થયેલ હોવાનું જણાવે છે, પરંતુ વાહનની ગતિ તેમજ તેના ચાલક બાબતે કંઈ જણાવતા નથી તેવા સંજોગોમાં હાલના આરોપીએ જ બનાવના દિવસે વાહન હંકારી અકસ્માત કરેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી તેવા સંજોગોમા અકસ્માત હાલના આરોપીએ જ કરેલ છે કે કેમ તે વિષે શંકા ઉપસ્થિત થાય છે.

(૧૯) આ કામે આંક – ૧૩ થી આંક–૧૪ સુધી સાહેદના ઈજા અંગેના મેડીકલ સર્ટીફીકેટો બચાવ પક્ષે આંક પાડવા સામે વાંધો ન હોવાના શેરા આધારે આંકે પાડવામાં આવેલ છે. સદર મેડી. સર્ટીફીકેટ બાબતે મેડી. ઓફીસર કે ડૉક્ટરશ્રીને આ કામે તપાસવામાં આવેલ નથી. જેથી ભારતીય પુરાવા અધિનિયમ અન્વયે સદર દસ્તાવેજો પુરવાર થયેલ ગણી શકાય નહીં અને તે સંજોગોમાં સદરહું દસ્તાવેજોને પણ ફરિયાદ પક્ષના કેસના સમર્થનમાં ધ્યાને લઈ શકાય નહીં.

In the case of **H.Siddiqui (Dead) By Lrs. Versus A.Ramalingam,2011(0) AIJEL-SC 49506**. The Hon'ble S.C held that,

10 "Mere admission of a document in evidence does not amount to its proof. therefore the documentary

evidence is required to be proved in accordance with law''.

The Hon'ble Supreme court of India in the case of **Narbada Devi Gupta Vs. Birendra Kumar Jaiswal, AIR 2004 SC 175.** Held that

16. "The legal position is not in dispute that mere production and marking of a document as exhibit by the court cannot be held to be a due proof of its contents. Its execution has to be proved by admissible evidence, that is, by the "evidence of those persons who can vouchsafe for the truth of the facts in issue". and also, The Hon'ble S.C reiterated the same ratio in the case of Alamelu vs. State represented by Inspector of Police, 2011 (2) SCC 385: AIR 2011 SC 715.

આમ, ઉપરોક્ત દસ્તાવેજ ભારતીય પુરાવા અધિનિયમ અન્વયે પુરવાર થયેલ ન હોવા છતાં સદર દસ્તાવેજો, આ કેસના ઉપરોક્ત સંજોગો અનુંસંધાને ધ્યાને લેવામાં આવે તો પણ સદરહું બનાવમાં આ કામના આરોપી સંડોવાયેલ હોય તેવી કોઈ હકીકત સદર દસ્તાવેજો ઉપરથી પણ રેકર્ડ ઉપર આવેલ નથી. ત્યારે આ કામે આરોપી દ્વારા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નક્કર હકીકત ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ જતા આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબના ગુનાનું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૨૦) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવા ઉપરથી આ કામના આરોપીએ બનાવના અરસામાં તેમના કબજા હવાલાના વાહનને પુરઝડપે અને ગફલતભરી રીતે,

માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી, સાહેદ પર્વતભાઇ વાઘાભાઇ પટેલ તથા શાંતાબેન પર્વતભાઇ પટેલનાઓને પાછળથી ટકકર મારી નીચે પાડી દઇ સાહેદ પર્વતભાઇને જમણા પગે પંજાના ભાગે ફેકચર કરી તથા પીઠના ભાગે ઈજા કરી તથા સાહેદ શાંતાબેનને માથામાં તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી તેમજ ડ્રાઇવીંગ લાયસન્સ સાથે નહી રાખી ગુનો કરેલ હોય તેવું સાબિત થતું નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ઉપરોક્ત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ, સદર કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં.૧ નો જવાબ **નકાર**માં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કમલ–૨૭૮(૧) અન્વયે આ કામના આરોપી **જયવિન્દ્રકુમાર જુવાનસીંહ બારીઆ, રહે.– વંદેલી (ધામણી), ચાંદરણી ફળિયા, તાલુકો – મોરવા (હ), જિલ્લો – પંચમહાલનાઓને** ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૩, ૧૮૧, ૧૩૪ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કમલ–૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૧૪મી, માહે – ઓગષ્ગ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૧૪/૦૮/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**